| આંક | |
|---|---|

# FORM-A

| **IN THE COURT OF 43thADDL. CHIEF JUDICIAL MAGISTRATE COURT, COURT NO:03, AHMEDABAD CITY. Presided over by S.N.KULKARNI** | |
|---|---|
| ફોજદારી કેસ નંબર | **૨૨૫૯૧/૨૦૨૫** |

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | ઈ ટ્રાફીક પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ગુ. ર. નં.૧૧૧૯૧૦૫૫૨૪૦૬૧૧/૨૦૨૪ |
| ગુન્હાની કલમ | બી.એન.એસ.કલમ–૨૮૧,૧૨૫(એ), ૨૨૩ તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ.એ.પી.પી.શ્રીમતિ પી.વી.પ્રજાપતી |
| | |
| આરોપી | વિકાસ સુંદરલાલ સંચેતી,<br>રહે.ડી/૬૦૪ મોહનનગર સોસાયટી, નરોડા બેઠક પાસે, નરોડા, અમદાવાદ |
| આરોપીપક્ષે | વિ.વ.શ્રી આર.એસ. ભાલકીયા |

# FORM-B

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૪ |
| પ્રથમ માહીતી અહેવાલ તારીખ | ૧૫/૦૭/૨૦૨૪ |
| આખરી અહેવાલ તારીખ | ૦૪/૧૦/૨૦૨૪ |
| તહોમતનામા/પ્લી તારીખ | ૨૦/૦૫/૨૦૨૫ |
| પુરાવા શરૂ કર્યા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે મુલત્વી રાખ્યા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદો જાહેર કર્યા તારીખ | ૨૯/૦૪/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્યા |

# FORM-C

| **આરોપીની વિગત** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ. નં. | આરોપીનુ નામ | ધરપકડ તારીખ | જામીન મુકત તારીખ | તહો મત | નિદોષ છોડયો | કરવામા આવેલ | સુનાવણી દરમ્યાન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | કે સજા | સજા | અટકાયતનો સમય ગાળો ભા. ના. સુ. સં. કલમ ૪૬૮ મુજબ |
| ૧ | વિકાસ સુંદરલાલ સંચેતી | ૦૮/૦૮/૨૪ | ૦૮/૦૮/૨૪ | – | નિર્દોષ | – | – |

## FORM-D

**ફરીયાદીપક્ષ/બચાવપક્ષ/અદાલતપક્ષના સાક્ષીઓની યાદીઃ–**

### (અ) ફરીયાદપક્ષના સાક્ષીઓની યાદી

| **અનુક્રમ** | **સાહેદનુ નામ** | **આંક** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| PW-1 | ફરિયાદી રમણભાઈ કરશનભાઈ મકવાણાની જુબાની | ૦૩ | ફરિયાદી |

### (બ) બચાવપક્ષના સાક્ષીઓની યાદીઃ–

| **અનુક્રમ** | **સાહેદનુ નામ** | **આંક** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| DW–1 | – | – | – |

### (ક) કોર્ટ સાક્ષીઓની યાદીઃ–

| **અનુક્રમ** | **સાહેદનુ નામ** | **આંક** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| DW–1 | – | – | – |

**ફરીયાદીપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદીઃ–**

### (અ) ફરીયાદપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદીઃ–

| **અનુ. નં.** | **આંક** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | PD-04 | ફરિયાદ |
| ૨ | PD-05 | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | PD-06 | ફરિયાદીનું ઈન્જરી સર્ટીફીકેટ |

### (બ) બચાવપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદીઃ–

| **અ. નં** | **દસ્તાવેજનો આંક** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | – | – |

### (ક) અદાલતના દસ્તાવેજોના આંકની યાદીઃ–

| અ.નં | દસ્તાવેજનો આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

(ડ) ભૌતિકપદાર્થઃ–

| અ.નં | ભૌતિક પદાર્થની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

// **ચુકાદો** //

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, ગઈ તા.૨૯/૦૬/૨૦૨૪ ના કલાક–૧૨.૪૫ વાગ્યાના અરસામાં ફરિયાદી નરોડા રોડ રાજીવ ગાંધી ભવન બહાર નીકળી રોડ ક્રોશ કરી રાહદારી ક્રોશીંગથી બી.આર.ટી.એસ. રૂટ ક્રોશ કરતા હતા ત્યારે મેમ્કો ચાર રસ્તા તરફથી બી.આર.ટી.એસ. રૂટમાં આરોપીએ તેના કબ્જાની ઈકો ફોર વ્હીલર ગાડી નં.GJ–01–HX–4216 ની પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીને ટક્કર મારી રોડ ઉપર પાડી દઈ જમણા હાથના કોણીથી નીચેના ભાગે તથા ખભાના ભાગે તથા જમણા પગના ભાગે મુઢ ઈજાઓ કરી નાસી જઈ તપાસ દરમ્યાન મળી આવી ગુનો કરેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

**(૨)** ઉપરોક્ત ફરિયાદ અન્વયે ઈ ટ્રાફીક પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૧૯૧૦૫૫૨૪૦૬૧૧/૨૦૨૪ થી બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૨૨૩ તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુન્હો નોંધી ગુન્હાની તપાસ કરી આરોપીની ધરપકડ કરી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૯૩ અન્વયેનો ચાર્જશીટ રીપોર્ટ અત્રેની અદાલતમાં રજુ કરતા ઉપરોક્ત નંબરી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી લીધેલ.

**(૩)** સદરહું ગુન્હાના આરોપીને સમન્સ/વોરંટ ઈશ્યુ કરતા તેની બજવણી થતા આરોપી હાજર થતા તેને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે નકલો વીના મુલ્યે આપવામાં આવેલ અને

ત્યારબાદ આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૪ ની જોગવાઈ ધ્યાને રાખી આ કામના આરોપીની આંક-૦૨ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈનકાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૭ ની જોગવાઈ ધ્યાન સમક્ષ રાખી કામ ફરીયાદપક્ષનો કેસ રજુ કરવા માટે તારીખ મુકરર કરવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે ઉપરોક્ત પુરાવા નોંધાયા બાદ તપાસવામાં આવેલ ફરિયાદી દ્વારા આંક-૦૮ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ કોઈ પુરાવા આપવા માંગતા ન હોવાનું જાહેર કરતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરી સદર કેસની ટ્રાયલ આગળ કરી પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ સાંભળેલ છે.

(૫) ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી ન્યાયીક નિર્ણય અર્થે અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૯/૦૬/૨૦૨૪ ના કલાક-૧૨.૪૫ વાગ્યાના અરસામાં ફરિયાદી નરોડા રોડ રાજીવ ગાંધી ભવન બહાર નીકળી રોડ ક્રોશ કરી રાહદારી ક્રોશીંગથી બી.આર.ટી.એસ. રૂટ ક્રોશ કરતા હતા ત્યારે મેમ્કો ચાર રસ્તા તરફથી બી.આર.ટી.એસ. રૂટમાં આરોપીએ તેના કબ્જાની ઈકો ફોર વ્હીલર ગાડી નં.GJ-01-HX-4216 ની પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીને ટક્કર મારી રોડ ઉપર પાડી દઈ જમણા હાથના કોણીથી નીચેના ભાગે તથા ખભાના ભાગે તથા જમણા પગના ભાગે મુઢ ઈજાઓ કરી નાસી જઈ તપાસ દરમ્યાન મળી આવી, બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૨૨૩ તથા એમ.વી. એક્ટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭) નિર્ણય અંગેના કારણોની ચર્ચાઃ–**

હાલના કેસમા રજુ પુરાવાનુ પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતા પહેલા નામદાર સર્વોચ્ચ અદાલતે **કે.એમ.નાણાંવટી વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, AIR 1962, SC,605** ના કેસમાં પુરાવાના મુલ્યાણંક અંગે જે માર્ગદશીકા આપેલ છે જે ધ્યાને લેવી જરૂરી બને છે જે નિચે મુજબ છે.

(એ) ફરીયાદપક્ષે આરોપી પર મુકેલ આરોપ નિઃશંકપણે સાબિત કરવાના રહે છે.

(બી)સમગ્ર ટ્રાયલ દરમ્યાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરીયાદપક્ષ ઉપર રહેલ છે.

(સી) આરોપીનું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરીયાદપક્ષે પુરાવાર કરવાની રહે છે.

(ડી) અપવારૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતું તેવું અદાલતે અનુમાન કરવાનું રહે છે.

(ઇ) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતું તે સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(એફ) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમં સાક્ષી તપાસી શકે છે અથવા ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

(જી) આરોપીએ પોતાના બચાવ સંભવિતાના બાહુતુલ્યના આધારે કરવાના રહે છે.

(૮) સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ફોજદારી કેસની કાર્યવાહી સમયે ફરીયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ be-

yond reasonable doubt એટલે કે શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવોઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તોજ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તોજ આરોપીને સજા કરી શકાય, આરોપીએ તે માત્ર "Probebility & Possibility" એટલે કે સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે સદરહુ કામે એ નોંધવાનું રહે છે કે,કાયદાનું અર્થઘટન એટલે કે ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવું જોઇએ અને તેવી ભાષામાં કહેવું જોઇએ એટલે કે "inter foretarn at concordared lages legibus est. optimus inter foretandimous" કાયદાનુ અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે.

(૯) હાલના કેસમાં ફરીયાદપક્ષે **ફરીયાદીનો** મૌખિક પુરાવો અને **ત્રણ** દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. ઉપરોકત પુરાવાની ચર્ચા કરીએ તો, સદર કામે PW−1 ફરિયાદી રમણભાઈ કરશનભાઈ મકવાણાનાઓને આંક− ૦૩ થી તપાસવામાં આવેલ છે. ફરિયાદી તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, ફરિયાદવાળો બનાવ એકાદ બે વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે તેઓ રાજીવ ગાંધી ભવન ખાતે તેઓ તેઓનું કામ પતાવી ઘરે પરત આવવા નિકળેલા હતા ત્યારે બી.આર.ટી.એસ.ના બસ સ્ટેન્ડ પાસે રોડ ક્રોસ કરતા હતા ત્યારે મેમ્કો ચાર રસ્તા તરફ ફોર વ્હીલ ગાડીના ચાલકે તેઓને ટક્કર મારતા તેઓ રોડ ઉપર પડી ગયેલ. આ અકસ્માતમાં તેઓને જમણા હાથે કોણીના નીચેના ભાગે તથા ખભાના ભાગે અને જમણા પગે મુંઢ ઈજાઓ થયેલી તે દરમ્યાન લોકોનું ટોળુ ભેગુ થઈ જતા કોઈકે તેઓના દીકરા મુકેશને ફોન કરતા તેઓનો દીકરો મુકેશ આવી ગયેલ અને ૧૦૮ આવી જતા તેઓને સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ ગયેલ ઈકો ગાડીનો નંબર તેઓએ જોયેલો નથી કે તેના ચાલકને પણ તેઓએ જોયેલ નથી. તેઓને પાછળથી કોઈકે ઈકો ગાડીનો નંબર જણાવેલો જે તેઓએ તેમની ફરિયાદમાં લખાવેલો નંબર હાલ તેઓને યાદ નથી. તેઓને ફરિયાદ બતાવતા તેમા તેઓની સહી છે. જે તેઓ ઓળથી

બતાવે છે. ફરિયાદને આંક–૦૪ આપવામાં આવેલ છે. ઉપરોક્ત ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ હકીકત અંગે સુચક પ્રશ્નો પુછતા ફરિયાદીએ ફરિયાદની કે ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા સદર ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવતા સદર ફરિયાદીએ એ હકીકત કબુલ કરી જણાવેલ છે કે, તેઓને આરોપીઓ સાથે રાજીખુશીથી સમાધાન થઈ ગયુ છે. તેઓને હાલના કેસમાં આગળ કોઈ કાર્યવાહી કરવી નથી.

**–:: પુરાવાઓનું મુલ્યાંકન અને વિશ્લેષણ ::–**

**(૧૦)** ઉપરોકત ફરીયાદપક્ષના કેસમાં રજુ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ફરિયાદપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, સદર કામે PW–1 ફરિયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદી પોતાના સરતપાસના પુરાવામાં તેઓએ અકસ્માત કરનાર ઈકો ગાડીના નંબર જોયેલા નથી કે તેના ચાલકને પણ જોયેલા ન હોવાનું જણાવેલ છે તેઓને ઈખો ગાડીના નંબર કોઈકે જણાવેલો જે તેઓએ ફરિયાદમં લખાવેલાનું જણાવતા હોય ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરેલ છે. વધુમાં, અકસ્માતનો ગુન્હો પુરવાર થવા આગળ ચર્ચા કર્યા મુજબ અકસ્માતવાળુ વાહન તેના ચાલકે જાહેર રસ્તા ઉપર બેફામ અને બેદરકારીભરી રીતે રીતે હંકારતો હોવાના કારણે અકસ્માત થયેલાનું પુરવાર થવુ જરૂરી છે. હાલના કેસમાં બનાવ સમયે આરોપી અકસ્માતવાળુ વાહન જાહેર રસ્તા ઉપર બેફામ અને બેદરકારીભરી રીતે ચલાવતો હોય તે રીતે હંકારી અકસ્માત કર્યો હોય તેવી હકીકતને ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદી કે સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન મળેલ નથી. આમ, ફરિયાદપક્ષે માત્ર ફરિયાદ રજુ થવાથી તેમાં જણાવેલ આક્ષેપીત ગુનો સાબીત થયેલ માની શકાય નહી. જેથી, ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને વંચાણે લેતા, ફરિયાદપક્ષ આધારભુત પુરાવાના અભાવે હાલના આરોપી સામેના આક્ષેપો નિઃશંકપણે સાબીત કરી શકેલ

નથી તેવુ આ અદાલતનું માનવુ છે. ઉપરોક્ત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે. જેથી, મુદ્દા નં.૧ નો નિર્ણય "**નકારમાં**" આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: <u>આ ખ રી હુ ક મ</u> ::-**

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૮(૧) મુજબ આરોપી વિકાસ સુંદરલાલ સંચેતી, રહે.ડી/૬૦૪ મોહનનગર સોસાયટી, નરોડા બેઠક પાસે, નરોડા, અમદાવાદનાઓને બી.એન.એસ.કલમ-૨૮૧,૧૨૫(એ), ૨૨૩ તથા એમ.વી. એક્ટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન છ માસ સુધી ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

- હુકમ આજરોજ તા.૨૯, માહેઃ-એપ્રિલ, સનેઃ-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ શહેર.
તા.૨૯/૦૪/૨૦૨૬

**(સ્વાતિ નિતિન કુલકર્ણી)**
૪૩ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીય મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ શહેર.
**કોડ નં.જીજે-૦૧૩૯૪.**

ARP(PS)